અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૦૧ |
| અમદાવાદ | ૧૫૫ |
| ગાંધીનગર | ૨૯ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૫ — ૩ ઓગસ્ટ, ૨૦૨૦, સોમવાર; શ્રાવણ સુદ - ૧૫ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોના બેકાબૂ : નવા ૫૪૭૩૬ કેસ

## કુલ સંક્રમિતોનો આંકડો ૧૭.૫૦ લાખ થયો : ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૮૫૦થી વધુના મોત : મૃત્યુ આંક ૩૮ હજારથી વધુ : સૌથી વધુ પોઝિટિવ કેસ ધરાવતા દેશોમાં ભારત વિશ્વમાં ૩જા ક્રમે : રિક્વરી રેટ વધીને ૬૫.૪૪ ટકા થયો

ન્યુ દિલ્હી,તા.૨

અનલોક-૩ના પહેલા દિવસે એક ઓગસ્ટના રોજ સમગ્ર દેશમાં કોરોનાના ૫૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા છે. જો કે અનલોક-૧ના છેલ્લાં દિવસે ૩૧ જુલાઈના, ૫૭ હજાર કરતાં વધારે કેસો કરતાં આ કેસોમાં ઘટાડો થયો છે. જે રાહત સમાન કહી શકાય. આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના એટલે કે શનિવારના આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે અગાઉ કરતાં મુત્યુઆંકમાં વધારો નોંધાયો છે. કુલ ૮૫૩ના મોત થયા છે. અનલોક-૩માં ૫ ઓગસ્ટથી જીમ અને યોગા સસ્થાઓને ખોલવાની મંજૂરી મળી છે. તેથી શક્ય છે કે કેસો વધી શકે. દરમ્યાનમાં એક દુઃખદ ઘટનામાં યુપીના મહિલામંત્રી કમલા રાનીનું કોરોનાથી નિધન થયું છે. કોરોનામાં કોઇ મંત્રીનું મોત તયું હોય તેવી આ પ્રથમ ઘટના કહી શકાય. દેશમાં અત્યાર સુધીમાં ૧,૯૮,૨૧,૮૩૧ સેમ્પલના કોરોના ટેસ્ટ થયા છે. જેમાં ગઈ કાલે વધુ ૪,૬૩,૧૭૨ ટેસ્ટ થયા હતા પુનામાં આવેલા ચકાન વિસ્તારમાં એક કંપનીના ૭૬ કર્મચારીઓ કોરોના પોઝિટીવ આવતાં હલચલ મચી ગઈ હતી. વધારે નવા દર્દી વધ્યા છે. દેશમાં સંક્રમણથી સાજા થનાર દર્દીઓની સંખ્યા પણ જો કે ૧૧ લાખને પાર થઈને ૧૧,૪૬,૮૭૯ ગઈ છે. સંક્રમણથી મોતના દરમાં ૧.૨%નો ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૧ હજાર ૧૮૧ લોકોને

- તામીલનાડુના રાજ્યપાલ ભંવરલાલ પુરોહિત કોરોના પોઝિટિવ
- ઉત્તરપ્રદેશના ભાજપના પ્રદેશ પ્રમુખ સ્વતંત્રદેવસિંઘ પણ કોરોનાથી સંક્રમિત
- રાબરીદેવીના નિવાસે કોરોના ૧૩ કર્મીઓ પોઝિટિવ મળ્યા

સૌથી વધુ પોઝિટિવ કેસ ધરાવતા દેશોમાં ભારત વિશ્વમા ૩જા ક્રમે પહોંચી ગયું છે.

આ સાથે મહારાષ્ટ્રમાં શનિવારે ૯,૬૦૧ કેસો, આંધ્રમાં ૯,૨૭૬, કર્ણાટકમાં ૫,૧૭૨ કેસો નોંધાયા હતા.

સૂત્રોએ કહ્યું કે , દેશમાં કોરોનાના ૧૭ લાખ ૫૧ હજાર ૯૧૯ કેસ નોંધાઈ ચૂક્યા છે. દેશમાં સતત ત્રીજા દિવસે ૫૪ હજારથી સારું થયું છે. છેલ્લાં ૨૪ કલાકમમાં ૮૦૦ કરતાં વધુ લોકોના મોત થતાં અત્યારસુધીમાં ૩૭ હજાર ૪૦૩ દર્દીના કોરોનાને લીધે મૃત્યુ થયુ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા પ્રમાણે, ૩૧ જુલાઈ સુધી દેશમાં ૧ કરોડ ૯૩ લાખ ૫૮ હજાર ૬૯૫ કોરોના ટેસ્ટ કરાયા છે. સાથે જ શુક્રવારે સૌથી વધુ ૫ લાખ ૨૫ હજાર ૬૮૯ સેમ્પલની તપાસ કરાઈ છે.

# ગૃહમંત્રી અમિત શાહ કોરોનાથી સંક્રમિત

## કોરોના પોઝિટિવ આવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ : શરૂઆતી લક્ષણો જોવા મળ્યા બાદ તેમણે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો અને બાદમાં તેમનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો

નવી દિલ્હી, તા.૨

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને કોરોનાનો ચેપ લાગ્યો છે. અમિત શાહે ટ્વિટર પર તેની જાણકારી આપતા કહ્યું છે કે તેમણે ટેસ્ટ કરાવ્યો હતો અને તેમનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. અમિત શાહે કહ્યું છે કે તેમની તબીયત સારી છે પરંતુ ડોક્ટર્સની સલાહ બાદ તેઓ હોસ્પિટલમાં દાખલ થયા છે. અમિત શાહે ટ્વિટર પર માહિતી આપતા લખ્યું છે કે, કોરોનાના શરૂઆતી લક્ષણો જોવા મળ્યા બાદ મેં ટેસ્ટ કરાવ્યો હતો અને રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મારી તબીયત સારી છે પરંતુ ડોક્ટર્સની સલાહ પ્રમાણે હું હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યો છું. મારી આપીલ છે કે જે લોકો છેલ્લા કેટલાક દિવસોમાં મારા સંપર્કમાં આવ્યા છે તેઓ કૃપા કરીને પોતાને આઈસોલેટ કરી દે અને તપાસ કરાવે. દેશમાં કોવિડ-૧૯ની શરૂઆતથી જ અમિત શાહ સતત તેનું મોનિટરિંગ કરી રહ્યા હતા. રાજધાની દિલ્હીની સ્થિતિને તેમણે વ્યક્તિગત રીતે મોનિટર કરી હતી. તેમણે દિલ્હીમાં ઘણા કોવિડ કેર સેન્ટર્સ અને હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેઓ ગૃહ અને સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓ સાથે બેઠક કરીને કોવિડ-૧૯ની તાજા સ્થિતિ પર અપડેટ લઈ રહ્યા હતા. લોડકાઉન બાદ દેશમાં અનલોકની પ્રક્રિયાને લઈને ગાઈડલાઈન્સ તૈયાર કરાવવામાં પણ તેમની ભૂમિકા મહત્વની રહી હતી.



# યુપી સરકારના કેબીનેટ મંત્રી કમલરાનીનું કોરોનાથી અવસાન

લખનૌ, તા. ૨

ઉત્તર પ્રદેશની સરકારમાં રાજ્યમંત્રી કમલ રાની વરુણનું રવિવારે નિધન થઈ ગયું. ૧૮ જુલાઈએ તેઓ કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. તેમની સારવાર યુપીની રાજધાની લખનઉની એસજીપીજીઆઈ હોસ્પિટલમાં ચાલી રહી હતી. રવિવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા. ઉત્તર પ્રદેશમાં કોઈ મંત્રીનું કોરોનાથી આ પહેલું મોત થયું છે. કમલ રાની વરુણ યોગી સરકારમાં ટેકનિકલ એજ્યુકેશન મિનિસ્ટર હતા. રાજ્યમંત્રી કમલ રાની વરુણની તબિયત ખરાબ થયા બાદ તેમનું સેમ્પલ તપાસ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યું હતું. ૧૮ જુલાઈએ તેમનો રિપોર્ટ આવ્યા બાદ તેમને એસજીપીજીઆઈમાં એડમિટ કરાવાયા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમના નિધન પર શોક વ્યક્ત કરતા શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. યોગીએ કહ્યું, ઘણા દિવસોથી પ્રદેશની પ્રતિષ્ઠિત હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. તેઓ કોરોના વાયરસથી સંક્રમિત હતા. આજે સવારે તેમનું દુઃખદ નિધન થયું હતું.

## કોરોના અપડેટ્સ


| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૮૧૩૦૬૧૨ | ૬૯૦૬૭૮ | ૧૪૨૦૧૩૪૯ |
| ભારત | ૧૮૦૪૨૫૮ | ૩૮૧૫૮ | ૧૧૮૬૯૮૧ |
| ગુજરાત | ૬૩૬૭૫ | ૨૪૮૭ | ૪૬૫૮૭ |
| ગાંધીનગર | ૧૬૫૯ | ૯૫ | ૧૨૦૬ |

# બીસીજીથી કોરોનાનું સંક્રમણ ધીમું પડે છે : અભ્યાસ

## ઉપલબ્ધ રસીઓ કોરોના સામે કેટલી કારગર છે તે અંગે ચકાસણી જારી : કોરોના મહામારી દુનિયામાં શરુ થયાને ૮ મહિના જેટલો સમય થઈ ગયો તેમ છતાં આજે પણ તેની સામે લડવા માટે કોઈ દવા કે રસી નથી : રિપોર્ટ

મુંબઈ, તા. ૨

ટીબી ન થાય માટે આપવામાં આવતી રસી બીસીજી કોરોના પર કેટલી કારગર રહેશે તેને લઈને ચર્ચામાં એક નવો મુદ્દો ઉમેરાયો છે. હાલમાં જ એક અમેરિકન રિસર્ચ પેપરમાં દાવો કરવામાં આવ્યો છે કે બીસીજી રસીની મદદથી દર્દીમાં કોરોના સંક્રમણના ફેલાવાને ધીમું પાડવામાં સફળતા મળે છે. આ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કોરોના સંક્રમણ થતા પ્રાથમિક ૩૦ દિવસમાં આ રસી ફાયદો પહોંચાડે છે. મહત્વનું છે કે કોરોના મહામારી દુનિયામાં શરુ થયાને ૮ મહિના જેટલો સમય થઈ ગયો તેમ છતા આજે પણ તેની સામે લડવા માટે દુનિયા પાસે કોઈ દવા કે રસી નથી. તેવામાં કોરોનાની રસી શોધવા વચ્ચે નિષ્ણાંતો પહેલાથી ઉપલબ્ધ રસીઓ કોરોના સામે કેટલી કારગર છે તે અંગે પણ ચકાસી રહ્યા છે. ખૂબ જ જાણીતી મેડિકલ જર્નલ સાયન્સ એડવાન્સિસમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ આ



સંશોધન પત્ર અમેરિકન એસોસિએશન ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ સાયન્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- અમિતાભ બચ્ચનનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ
- મધ્યપ્રદેશના ૮૧ વર્ષીય ઉર્મિલા ચતુર્વેદી ૨૮ વર્ષથી રામમંદિર નિર્માણ ન થાય ત્યાં સુધી અન્નનો ત્યાગ કર્યો છે.
- અમદાવાદમાં આજથી ગુજરી બજાર સંપૂર્ણ બંધ કરાયું.
- ભારત-ચીન વચ્ચે આજે કોર કમાન્ડર સ્તરની બેઠક યોજાશે.
- કર્ણાટકમાં ૧૧૦ વર્ષના વૃદ્ધ મહિલાએ કોરોનાને મ્હાત આપી.
- ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અયોધ્યા મુલાકાત એકાએક રદ કરાઈ.
- દેશની નવી શિક્ષણ નિતિમાંથી ચીની ભાષાની બાદબાકી કરાઈ.
- રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરારાજે સિંધીયાનું મૌન રાજકારણમાં ખૂબ જ સુચક ગણાવાઈ રહ્યું છે.
- કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીને હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- સુરતના પીપલ્સ બેંકના ચેરમેન અને ભાજપના અગ્રણી નરેન્દ્રભાઈ ગાંધીનું કોરોનાથી અવસાન

# પાકના આર્મી ચીફ બાજવા એલઓસીની મુલાકાતે પહોંચ્યા

## બાજવાએ કાશ્મીરના રાગનો જાપ પણ કર્યો હતો : બાજવાએ મુલાકાત લઇ સંરક્ષણ સજ્જતાની સમીક્ષા કરી હતી

ઈસ્લામાબાદ, તા.૨

લદાખમાં ચીન સાથેના તનાવ વચ્ચે પાકિસ્તાન એલઓસી પર પણ તેની નકારાત્મક પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યું છે. દરમિયાન શનિવારે પાકિસ્તાન આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાએ નિયંત્રણ રેખાની મુલાકાત લીધી હતી અને સંરક્ષણ સજ્જતાની સમીક્ષા કરી હતી. પાકિસ્તાની મીડિયા અનુસાર જનરલ બાજવાની મુલાકાત પૂર્વનિર્ધારિત નહોતી. આ સમય દરમિયાન બાજવાએ કાશ્મીરના રાગનો જાપ પણ કર્યો હતો. પાકિસ્તાનના ડીજી આઈએસપીઆર અનુસાર, બાજવાએ એલઓસીને અડીને આવેલા ખુરાઈથા સેક્ટરની મુલાકાત લીધી હતી અને ત્યાં સૈન્યની સંરક્ષણ સજ્જતા વિશે પૂછપરછ કરી હતી. ઈદ ઉલ અઝહા નિમિત્તે સૈનિકોને સંબોધન કરતાં તેમણે કાશ્મીરીઓ સાથે એકતાની ઘોષણા કરી હતી. આ સમય દરમિયાન તેમણે ભારત પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે પાકિસ્તાન માટે આ મુશ્કેલ સમય છે કારણ કે, દેશને બાહ્ય અને આંતરિક રીતે અનેક પડકારોનો સામનો કરવો પડે છે. બાહ્ય શક્તિઓ દેશને નબળા બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE 0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years

